ફોન : ૨૨૨૭૪૫, ૨૩૦૫૨૯, ૨૩૦૭૪૩, ૨૩૩૬૪૮
ફેક્સ : (૦૨૭૬૬) ૨૩૧૯૧૭

Email : regi@ngu.ac.in
Web Site : www.ngu.ac.in

# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

યુનિવર્સિટી રોડ, પો. બો. નં.–૨૧, પાટણ, (ઉ.ગુ.) ૩૮૪૨૬૫

**વિષય : યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર કોલેજોએ વિદ્યાર્થી પાસેથી લેવાતી ટ્યુશન ફી માંથી યુનિવર્સિટી વિકાસફંડની રકમ જમા કરાવવા અંગે.**

**સંદર્ભ :**
૧. આ કાર્યાલયના તા.૨/૮/૨૦૧૨ ના પરિપત્ર ક્રમાંક : ૨૧૧/૨૦૧૨
૨. આ કાર્યાલયના તા.૭/૯/૨૦૧૨ ના પરિપત્ર ક્રમાંક : ૨૦૭/૨૦૧૨
૩. આ કાર્યાલયના તા.૬/૧૦/૨૦૧૨ ના પરિપત્ર ક્રમાંક : ૨૩૫/૨૦૧૨
૪. આ કાર્યાલયના તા.૫/૧૧/૨૦૧૨ ના પરિપત્ર ક્રમાંક : ૨૫૮/૨૦૧૨
૫. આ કાર્યાલયના તા.૪/૧૨/૨૦૧૨ ના પરિપત્ર ક્રમાંક : ૨૬૮/૨૦૧૨
૬. આ કાર્યાલયના તા.૫/૦૨/૨૦૧૩ ના પરિપત્ર ક્રમાંક : ૨૯/૨૦૧૩
૭. આ કાર્યાલયના તા.૬/૦૪/૨૦૧૩ ના પરિપત્ર ક્રમાંક : ૭૪/૨૦૧૩
૮. આ કાર્યાલયના તા.૭/૦૫/૨૦૧૩ ના પરિપત્ર ક્રમાંક : ૯૩/૨૦૧૩
૯. આ કાર્યાલયના તા.૭/૦૬/૨૦૧૩ ના પરિપત્ર ક્રમાંક : ૧૧૦/૨૦૧૩
૧૦. આ કાર્યાલયના તા.૧૯/૦૮/૨૦૧૩ ના પરિપત્ર ક્રમાંક : ૧૭૬/૨૦૧૩
૧૧. આ કાર્યાલયના તા.૧૮/૦૧/૨૦૧૪ ના પરિપત્ર ક્રમાંક : ૧૪/૨૦૧૪

**પરિપત્ર (ક્રમાંક :૪૯ / ૨૦૧૪)**

આ યુનિવર્સિટી સંલગ્ન તમામ સેલ્ફ ફાયનાન્સ કોલેજોના આચાર્યશ્રીઓનું ઉપર્યુક્ત સંદર્ભમાં દર્શાવેલ પરિપત્રો તરફ ધ્યાન દોરતા જણાવવાનું કે, યુનિવર્સિટીની કારોબારી સમિતિની સભા તા.૧૯/૦૩/૨૦૧૪ ના રોજ મળી હતી. તેમાં બાબત ક્રમાંક : ૨૪ યુનિવર્સિટી વિકાસફંડ અંગેની રજૂ કરવામાં આવી હતી. તેમાં નીચે પ્રમાણે ઠરાવવામાં આવેલ છે.

"યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓ પાસેથી વિકાસફંડ લેવાની જોગવાઈ કરવામાં આવી છે પરંતુ કેટલીક કોલેજો ધ્વારા નિયમિત રીતે વિકાસફંડ જમા કરાવવામાં આવતો નથી. આ બાબતે કારોબારી સમિતિએ આવી કોલેજોને તા.૨૫/૦૪/૨૦૧૪ સુધીમાં ચાલુ વર્ષ સુધીના વિકાસફંડના નાણાં યુનિવર્સિટીમાં સત્વરે જમા કરવવા જણાવેલ છે."

વધુમાં જણાવવાનું કે, આપેલ સમયમર્યાદામાં વિકાસફંડ જમા કરાવવામાં આવશે નહી તો આગામી વર્ષે આપની કોલેજનું જોડાણ સ્થગિત કરવાની ફરજ પડશે અને આગામી વર્ષે આપની કોલેજને વિદ્યાર્થી સંખ્યા ફાળવવામાં આવશે નહી. જેની નોંધ લેશો.

જૂન ૨૦૧૩ થી શરૂ થયેલ નવી કોલેજોએ પણ તેઓની કોલેજનો યુનિવર્સિટી વિકાસફંડ જમા કરાવવાનો રહેશે.

| | | |
|---|---|---|
| (૧) | અનુસ્નાતક ડિગ્રી/ડિપ્લોમા અભ્યાસક્રમો/એક વર્ષનો સ્નાતકોત્તર અભ્યાસક્રમો (સેકન્ડ ડીગ્રી) | રૂા. ૫૦૦/– |
| (૨) | એક વર્ષથી વધુ પણ ત્રણ વર્ષ સુધીના સમયગાળાના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો | રૂા. ૨૦૦/– |
| (૩) | ત્રણ વર્ષથી વધુ સમયગાળાના અભ્યાસક્રમો | રૂા. ૧૫૦/– |
| (૪) | પી.જી.ડી.સી.એ. ના અભ્યાસક્રમ | રૂ. ૩૦૦/– |

ઉપર જણાવ્યા મુજબ કુલ વિદ્યાર્થી દીઠ એટલે કે કોલેજની કુલ વિદ્યાર્થી સંખ્યાને ધ્યાને લઈ ઉપર જણાવેલ દર મુજબ યુનિવર્સિટી વિકાસફંડ જમા કરાવવાનો રહેશે. ડી.ડી. મોકલતી વખતે કયા વર્ષ માટે વિકાસફંડ છે તથા તે વર્ષની વર્ગ–વર્ષ વાઈઝ વિદ્યાર્થી સંખ્યા અવશ્ય લખવી. **કોર બેંકીંગથી નાણાં જમા કરાવી શકાશે નહી.**

**અનુદાન પાત્ર કોલેજ હોય પરંતુ સેલ્ફ ફાયનાન્સ ડીવીઝન મંજૂર થયેલ હોય, સેલ્ફ ફાયનાન્સ વિષય શરૂ કરેલ હોય તો પણ ઉપર્યુક્ત દર મુજબ યુનિવર્સિટી વિકાસ ફંડ ભરવાનો રહેશે.**

સદર પરિપત્ર આપની કોલેજના સંચાલક મંડળના ધ્યાને અચૂક લાવશો અને બાકી યુનિવર્સિટી વિકાસફંડ તાકીદે જમા કરાવવાની વ્યવસ્થા કરશો.

૨૬/૩/૧૪

(ડી.ડી.સી.પટેલ)
કા.કુલસચિવ